દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

મંગળવાર 3 નવેમ્બર, ૨૦૨૬

અલ-નીનો ઈફેક્ટ: આ વર્ષે હુંફાળા શિયાળા માટે તૈયાર રહેવું પડશે

આ વર્ષ અલ-નીનોનું વર્ષ છે અને આ વખતે પ્રશાંત મહાસાગરનું અલ-નીનો પરિબળ ઘણુ શક્તિશાળી, સુપર અલ-નીનો છે અને તેની અસર ભારત સહિતના દુનિયાના વિવિધ ભાગોમાં વર્તાઇ રહી છે. ભારતમાં ચોમાસુ એકંદરે વરસાદની ઘટ સાથે પુરું થયું છે ત્યારે હવે એવી આગાહી થઇ છે કે શિયાળામાં ઠંડી પણ ઓછી પડશે. જો કે જાણકારોને આની અપેક્ષા હતી જ. નવેમ્બર અને ડિસેમ્બરમાં અલ-નીનો વધુ તીવ્ર બનવાની આગાહી છે ત્યારે ભારતમાં શિયાળાના આ મહિનાઓ એકંદરે ગરમ રહે તે સ્વાભાવિક છે. ઓક્ટોબરના છેલ્લા દિવસે કરવામાં આવેલી ભારતીય હવામાન વિભાગ(IMD)ની માસિક આગાહી મુજબ, દેશના મોટાભાગના ભાગોમાં, ખાસ કરીને દક્ષિણ દ્વીપકલ્પમાં નવેમ્બર મહિનો પ્રમાણમાં ગરમ અને સૂકો રહેશે.

હવામાન વિભાગની માસિક આગાહી મુજબ, નવેમ્બર મહિનામાં ભારતના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની સંભાવના છે, સિવાય કે હિમાલયની તળેટીના કેટલાક પ્રદેશો કે જ્યાં સામાન્ય કે સામાન્યથી નીચું તાપમાન રહેવાની ધારણા છે. વિભાગે એમ પણ જણાવ્યું છે કે આ મહિના દરમિયાન દેશના મોટાભાગના ભાગોમાં લઘુતમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની અપેક્ષા છે, સિવાય કે મધ્ય અને પૂર્વ ભારતના ઘણા વિસ્તારોમાં સામાન્ય કે સામાન્યથી નીચું લઘુત્તમ તાપમાન જોવા મળી શકે છે. હવામાન વિભાગે સ્પષ્ટ કર્યું કે હાલમાં વિષુવવૃત્તીય પેસિફિક મહાસાગર પર ખૂબ જ મજબૂત 'અલ નીનો' પરિસ્થિતિઓ પ્રભુત્વ ધરાવી રહી છે. તાજેતરના મોન્સૂન મિશન કપલ્ડ ફોરકાસ્ટ સિસ્ટમ અને અન્ય વૈશ્વિક ક્લાઇમેટ મોડેલની આગાહીઓ દર્શાવે છે કે નવેમ્બર-ડિસેમ્બરમાં અત્યંત મજબૂત અલ નીનો સ્થિતિ સર્જાવાની શક્યતા છે. અલ નીનો એ અલ નીનો સધર્ન ઓસિલેશન(ENSO)ના ત્રણ તબક્કાઓમાંથી એક છે, જે એક એવી આબોહવાકીય ઘટના છે જેમાં મધ્ય અને પૂર્વ ઉષ્ણકટિબંધીય પેસિફિક મહાસાગરમાં સમુદ્રના તાપમાનમાં ફેરફાર થાય છે અને તેની સાથે ઉપરના વાતાવરણમાં પણ હલચલ થાય છે. જ્યારે અલ નીનો પૃથ્વી પર તાપમાન વધારવાની અસરો માટે જાણીતો છે, ત્યારે તેનો વિરુદ્ધ તબક્કો 'લા નીના' સામાન્ય રીતે ઠંડક પ્રદાન કરે છે. ENSOનો એક ન્યુટ્રલ તબક્કો પણ હોય છે. અલ-નીનોને કારણે નવેમ્બરમાં શિયાળો હુંફાળો રહેવાની આગાહી થઇ જ છે ત્યારે ડિસેમ્બરમાં અને ત્યારબાદ જાન્યુઆરીમાં પણ ઠંડી આ વખતે ઓછી જ રહી શકે છે કારણ કે અલ-નીનોની સ્થિતિ આવતા વર્ષની શરૂઆતમાં પણ ચાલુ રહી શકે છે, અને IMDની આગાહી છે કે આ સિઝનમાં શિયાળો ગરમ રહેશે અને શીત લહેરના દિવસો ઓછા રહેશે. એટલે કે આ વર્ષે સમગ્ર શિયાળા દરમ્યાન બહુ ઠંડીની આશા રાખવા જેવી નથી. હાલમાં પુરા થયેલા ઓક્ટોબર દરમિયાન માસિક સરેરાશ લઘુત્તમ તાપમાન ૧૯૦૧ પછી પાંચમું સૌથી ઊંચું (૨૦.૮૩ ડિગ્રી સેલ્સિયસ) હતું. ઓક્ટોબર માટેનું સામાન્ય માસિક સરેરાશ લઘુત્તમ તાપમાન ૨૦.૦૧ ડિગ્રી સેલ્સિયસ છે. IMD ની આગાહી સૂચવે છે કે નવેમ્બરમાં દિવસો અને રાતો ગરમ રહેશે. દેશના મોટાભાગના ભાગોમાં દિવસનું તાપમાન સામાન્ય કરતા ઉપર રહેવાની અપેક્ષા છે, સિવાય કે હિમાલયની તળેટીના કેટલાક પ્રદેશોમાં, જ્યાં મહત્તમ તાપમાન સામાન્યથી સામાન્ય કરતા નીચું રહેવાની સંભાવના છે. તેવી જ રીતે, દેશના મોટાભાગના ભાગોમાં રાત્રિનું તાપમાન પણ પ્રમાણમાં ગરમ રહેશે, સિવાય કે મધ્ય અને પૂર્વ ભારતના ઘણા વિસ્તારોમાં, જ્યાં ન્યૂનતમ તાપમાન સામાન્યથી સામાન્ય કરતા નીચું રહેવાની અપેક્ષા છે.

આ ઉપરાંત, ઉત્તરપૂર્વ ચોમાસું નબળું રહેવાની ધારણા છે, જેના કારણે આ પ્રદેશમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડશે. ઉત્તર પશ્ચિમી એટલે કે નૈઋત્યનું ચોમાસુ પુરું થયું છે અને હાલ દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારો સહિતના વિસ્તારોમાં ઉત્તર-પૂર્વનું ચોમાસુ ચાલી રહ્યું છે, પરંતુ આ વખતે તે ચોમાસુ પણ નબળુ રહેવાની ધારણા છે. દક્ષિણ દ્વીપકલ્પ પર હાલમાં સક્રિય ઉત્તરપૂર્વ ચોમાસું પણ સામાન્ય કરતા ઓછું (LPA ના ૭૭% કરતા ઓછું) રહેવાની સંભાવના છે. નવેમ્બર મહિનામાં દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં વરસાદનો LPA ૧૯૭૧ થી ૨૦૨૦ ના ડેટાના આધારે લગભગ ૧૧૮.૭ મિમી છે. દક્ષિણ દ્વીપકલ્પમાં પાંચ હવામાન વિભાગો સામેલ છે: તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલ, દરિયાકાંઠાનું આંધ્રપ્રદેશ અને યાનમ, રાયલસીમા, કેરળ અને માહે, અને દક્ષિણ આંતરિક કર્ણાટક. આ ઘટેલા વરસાદનું કારણ અલ નીનો (El Nino) પરિસ્થિતિઓનું મજબૂત બનવું છે, જે નવેમ્બર દરમિયાન ચાલુ રહેવાની ધારણા છે, જેના કારણે શિયાળામાં ઓછો વરસાદ થશે. શિયાળુ ચોમાસુ ઘરાવતા વિસ્તારોમાં શિયાળામાં વરસાદ ઓછો થશે તો દેશના મોટા ભાગના વિસ્તારોમાં આ વર્ષે શિયાળામાં ઠંડી ઓછી પડશે એ હવે લગભગ સ્પષ્ટ છે ત્યારે આપણે આ વર્ષે હૂંફાળા શિયાળા માટે તૈયાર રહેવું પડશે.

સત્સંગનું મહત્ત્વ

એક વાર મહર્ષિ વિશ્વામિત્ર અને મહર્ષિ વશિષ્ઠ વચ્ચે વિવાદ થયો. બંને અતિજ્ઞાની અને શાસ્ત્રોના જાણકાર હતા. વર્ષોવર્ષની તપસ્યા અને સિદ્ધિ ધરાવતા બંને એકબીજાથી ઊતરતા નહોતા.

વિવાદનું કારણ એ હતું કે મહર્ષિ વશિષ્ઠ સત્સંગનો મહિમા વધારે માનતા હતા. સારા સજ્જનો કે જ્ઞાનીઓનો સંગ કરવો, જ્ઞાનની આપ-લે કરવી અને સાચા સ્વજનો તથા શિષ્યો સાથે મળીને પ્રભુની ભક્તિ કરવી એ સત્સંગનો મહિમા છે. જ્યારે મહર્ષિ વિશ્વામિત્ર અઘરા તપનો મહિમા વધારે માનતા હતા. ઇન્દ્રિયોને વશમાં રાખવી, શરીરને કષ્ટ આપીને બધાથી અલિપ્ત થઇ માત્ર પ્રભુનું નામ લેવું એ તપ છે. તેમના મતે તપનો પ્રભાવ અધિક હતો.

સત્સંગ મોટો કે તપ, એ વિવાદ ખૂબ વધી ગયો. બંનેએ કોઇ ત્રીજી વ્યક્તિ પાસે નિર્ણય કરાવવાનો નિશ્ચય કર્યો. બંને સિદ્ધપુરુષ હતા. પૃથ્વી પર તો તેમના વિવાદનો નિવેડો લાવવો શક્ય નહોતો. તેથી તેઓ ક્રમશ: બ્રહ્માજી, વિષ્ણુજી અને શિવજી સમક્ષ ઉપસ્થિત થયા. પોતાની ઉપસ્થિતિનું કારણ અને વિવાદ સમજાવીને તેનો નિવેડો લાવવાનું કહ્યું, પરંતુ સૌએ કોઇ એકના પક્ષમાં નિર્ણય આપીને બીજાને નારાજ થવાથી બચવા નિર્ણય આપવાનો ઇનકાર કર્યો. લાંબા વિચાર બાદ બંને ઋષિઓ પાતાળમાં શેષનાગજી પાસે ગયા અને પોતાનો વિવાદ તથા કોઇ નિર્ણય આપી શકતું નથી એ સમસ્યા રજૂ કરી. શેષનાગજીએ કહ્યું, 'આપમાંથી કોઇ પોતાના પ્રભાવથી કે સિદ્ધિથી પૃથ્વીને થોડી વાર માટે આધાર આપી રોકી રાખે તો મારો ભાર થોડો હળવો થાય અને હું સ્વસ્થ થઈને વિચાર કરીને નિર્ણય આપી શકું.' મહર્ષિ વિશ્વામિત્રએ કહ્યું, 'હું મારા એક હજાર વર્ષના તપનું ફળ અર્પણ કરું છું. હે ધરા, તું થોડી ક્ષણો માટે આકાશમાં સ્થિર રહે, પરંતુ પૃથ્વી હલવી પણ ન જોઇએ.' શેષનાગજીએ મહર્ષિ વશિષ્ઠની સામે જોયું. મહર્ષિ વશિષ્ઠે કહ્યું, 'હે ધરા, મારા અડધી ઘડીના સત્સંગના પુણ્યનો સ્વીકાર કર અને થોડી ક્ષણો માટે ગગનમાં સ્થિર રહે.' આટલું બોલતાં જ પૃથ્વી શેષજીની ફેણ પરથી ઊઠીને હવામાં કોઇ આધાર વિના સ્થિર થઈ ગઈ. આ ઘટના બાદ નિર્ણય કરવા જેવું કંઈ રહ્યું જ નહોતું. શેષજીએ કંઈ બોલ્યા વિના જ નિર્ણય આપી દીધો. વિશ્વામિત્રજીએ વશિષ્ઠજીનાં ચરણ પકડી લીધાં અને કહ્યું, 'મહર્ષિ, આપ સદાયથી મહાન છો. સત્સંગનું માહાત્મ્ય તપ કરતાં વધારે છે.'

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

બાળકો, ફટાકડા અને સંસ્કાર: સમજણનું શિક્ષણ ક્યાંથી મળશે - શાળા કે પરિવાર?

દિવાળી ભલે આઠમી તારીખે હોય અને વેકેશન ભલે પાંચમીથી પડતું હોય પણ ગુજરાતમાં બાળકો ૩૧ મીની રજાથી જ દિવાળીના મુડમાં આવી ગયાં છે. આ વાતની પ્રતીતિ શનિવારે બપોરે જ ફટાકડા ફૂટવાના અવાજથી આવી. હવે પ્રશ્ન એ થયો કે ખરા બપોરે ઘરડાં, માંદાં કે ઈવન નાનાં બાળકો જરાક આરામમાં આવ્યાં હોય ત્યારે અચાનક ફટાકડાના અવાજથી ઝબકી જાય તો આમ તો કોઈ મોટી ઘટના બનતી નથી પણ સવાલ જરૂર ઊભા થાય છે કે બાળકોને ફટાકડા માટે યોગ્ય માર્ગદર્શન કોણ આપે?

દિવાળીના તહેવાર સાથે ફટાકડા એવી રીતે ગૂંથાઈ ગયા છે કે ખુદ સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે ફટાકડા પર સમ્પૂર્ણ પ્રતિબંધ મૂકી શકાય તેમ નથી. મૂકવો પણ ના જોઈએ. દુનિયા આખી વિજયની ઉજવણી કે નવા વર્ષની ઉજવણી ફટાકડા ફોડીને કરે છે. સવાલ તેના વિનય વિવેક જાળવવાનો છે. વળી આ સાથે જ બીજો પ્રશ્ન એ છે કે આ ફટાકડા ફોડવામાં સાવધાની રાખવી, સમય કસમયનું ધ્યાન રાખવાનું, મોંઘવારીમાં ખર્ચનું પણ ધ્યાન રાખવાનું. આ બધું બાળકને કોણ સમજાવશે? ઘણાં કહેશે, આ બધું સ્કૂલમાં ભણાવવું જોઈએ તો ઘણાં કહેશે આવું શિક્ષણ અને સમજણ તો ઘર પરિવારની જ જવાબદારી છે.

બાળક માટે તેનું ઘર એ જ પ્રથમ શાળા છે અને માતા-પિતા તેનાં પ્રથમ શિક્ષક છે. બાળક પુસ્તકોમાં વાંચે તેના કરતાં ઘરમાં જે જુએ છે તે વહેલું શીખે છે. દિવાળી પર કેટલા ફટાકડા ખરીદવા, કયા સમયે ફોડવા જગ્યામાં ફોડવા, બંધ ઘરમાં કે વસ્તુઓ પડી હોય ત્યાં ન ફોડવા , રસ્તામાં વાહનચાલક પર ખુલ્લા ના ફેંકવા અને ફટાકડા ફોડતી વખતે એકાદ પાણી ભરેલું વાસણ રાખવું. આ બધી ચીવટ બાળકને જ અકસ્માતથી બચાવશે.

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

આ બધું બાળકને કોણ સમજાવશે? ઘણાં કહેશે, આ બધું સ્કૂલમાં ભણાવવું જોઈએ તો ઘણાં કહેશે આવું શિક્ષણ અને સમજણ તો ઘર પરિવારની જ જવાબદારી છે

એક વાત સ્પષ્ટ છે કે દરેક બાબતે કોર્ટ અને સરકારની જવાબદારી જોવાને બદલે આપણે સમજણ વિકસાવવી જરૂરી છે. બીજી તરફ, શાળા એવું સ્થળ છે જ્યાં બાળક સામાજિક જવાબદારી અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ શીખે છે. શાળામાં શિક્ષકો પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ અને સ્વાસ્થ્ય પર થતી અસરો વિશે વિગતવાર સમજાવી શકે છે. આજે ઘણી શાળાઓમાં 'ઇકો-ફ્રેન્ડલી દિવાળી'ના શપથ લેવડાવવામાં આવે છે, જેની બાળકોના મન પર સકારાત્મક અસર થાય છે. શાળા જ્યારે સમૂહમાં આ વાત સમજાવે છે, ત્યારે બાળકોમાં એકબીજાને જોઈને બદલાવ લાવવાની તંદુરસ્ત સ્પર્ધા જાગે છે.આપણે બાળકોને તહેવારની ઉજવણીનો અસલી અર્થ સમજાવવો પડશે. ઉત્સવ એટલે આનંદ, વહેંચણી અને નવો ઉમંગ. ફટાકડા ફોડવા એ આનંદની અભિવ્યક્તિ હોઈ શકે, પણ તે અન્યો માટે પીડાદાયક ન બનવી જોઈએ. કાન ફાડી નાખતા અવાજો અને ઝેરી ધુમાડા પાછળ હજારો રૂપિયાનો ધુમાડો કરવો એ 'નરસો' પક્ષ છે. જ્યારે, એ જ પૈસાથી કોઈ ગરીબના ઘરમાં મીઠાઈ આપવી, માટીના દીવા ખરીદીને સ્થાનિક કારીગરોને મદદ કરવી એ ઉજવણીનો 'સારો' અને સાચો પક્ષ છે. આ ભેદરેખા બાળકો સુધી પહોંચાડવી અનિવાર્ય છે.

બાળકોને ફટાકડા અને તહેવારની સાચી સમજણ આપવાનું કામ કોઈ એક પક્ષનું નથી. તે શાળા અને પરિવાર બંનેની સંયુક્ત જવાબદારી છે. શાળા જો જ્ઞાનનો પાયો નાખશે, તો પરિવારે તેના પર આચરણની ઈમારત ચણવી પડશે. જ્યારે શિક્ષણ અને સંસ્કાર બંને ભેગા મળશે, ત્યારે જ આપણી આવનારી પેઢી તહેવારોની ગરિમા જાળવી શકશે અને સાચા અર્થમાં 'પ્રકાશ પર્વ' ઉજવી શકશે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

કાળી ચૌદશ વગર દિવાળી આવતી નથી!

જોબકા, કલાકાર રહ્યા એટલે અમને ધોળા જ ધંધા ફાવે, પણ અમારા મોટા ભાગના ધંધા કાળી રાતના હોય. અમારા ધંધામાં દિવસે બરકત ઓછી, પણ વધારે લેણા-દેણી કાળી રાત સાથે હોય! અમારાં પ્રભાતિયાં રાત પડે પછી જ શરૂ થાય. અમારું જ નહીં, ચડ્ડી બનિયાનધારીવાળાનું પણ એવું જ! જો કે, અમારા બે વચ્ચે ડીફરન્સ, વેજીટેરીયન અને નોન-વેજીટેરીયન જેવો! એમના પડછામાં પગ પણ નહીં મુકાય. અમે કાળામાં ધોળું, એટલે કે ધોળા કામ કરીએ ને એના કપાળમાં કાંદા ફોડું એ લોકોનો ભરોસો નહીં. એ લોકો ચડ્ડી-બનિયાનના 'ડ્રેસકોડ'માં ધંધે વળગે, અમે લાંબા લેંઘા ચઢાવ્યા વગર સ્ટેજ ઉપર ના ચઢીએ. બાકી નિશાચર એવા કે, અમારા બંનેના ધંધા રાતે જ જામે! પાપી પેટનો સવાલ છે ને યાર? કાળી રાતની આ કમાલ છે મામૂ! દિવસ અને રાતનાં ચોઘડિયાં એટલે તો જુદાં રાખેલાં. દિવસનાં ચોઘડિયાં ચાલતાં હોય, ત્યારે અમે ઊંઘ ખેંચીએ. અમારો લગાવ રાતનાં ચોઘડિયાં સાથે વધારે. પાડોશી પણ નહીં જાણે કે બાજુમાં કોણ રહે છે!

કાળી રાત એટલે કાળા રંગ સાથેનો ઘરોબો. ગોરો રંગ અવશ્ય સુંદરતાની નિશાની છે. પણ કાળો રંગ 'સુપર પાવર' છે, એનું પ્રમાણ હોય તો ભગવાન શ્રીકૃષ્ણ છે! ભગવાન શ્રીકૃષ્ણ પણ કાળા હતા. છતાં અસંખ્ય ગોપીઓ એની પાછળ પાગલ હતી. દિલ કાળું ન હોવું જોઈએ, બાકી કાળો ચહેરો પણ આકર્ષણ છે. 'ફેરનેશ ક્રીમ' લગાવીને જે લોકો ગોરા થવાની ખર્ચાળ મજૂરી કરે છે, તેમને એટલું જ કહેવાનું કે, બ્લેક પણ એક બ્યુટી છે. કાળા હોવું એ શાપ નથી, કુદરતની કમાલ છે. ભેંસ કાળી હોવા છતાં સફેદ દૂધ આપે જ છે ને? ભેંસનું જો ફેસિયલ કરવામાં આવે તો એ ગોરી થાય ખરી? સોના/ચાંદીની થાળીમાં પીરસાયેલું ભોજન સ્વાદિષ્ટ જ હોય એની કોઈ ખાતરી નહીં. ક્યારેક કોડિયામાં પીરસાયેલી દાળ પણ સ્વાદિષ્ટ હોય. દેખાવમાં સામાન્ય કે કદરૂપો લાગતો માણસ, તેના વિચારોમાં ઉત્તમ, ઉદાર અને કાર્યકુશળ પણ હોય. રંગ કાળો હોય તો ચાલે, દિલ કાળું ના હોવું જોઈએ. શું કહો છો રતનજી?કાળા હોવાનો મોટામાં મોટો ફાયદો એ કે, કાળાં વસ્ત્ર ઉપર ડામરના લપેટા લાગે તો ઢંકાઈ જાય, કોઈને દેખાય નહીં. પણ સફેદ વસ્ત્ર ઉપર કાળો ડાઘ પડે તો જીવ કપાઈ જાય. કાળો રંગ પણ સ્વયં સુંદર છે. સુંદરતાનો બાધક હોય તો, વાળને કાળા કરવાની કોઈ ઘેલછા રાખે? કાળા વાળ એ યુવાનીની નિશાની છે. કોઈની નજર નહીં લાગે એ માટે, નાના બાળકના ગાલ ઉપર કાજળનું કાળું 'નજરબટ્ટુ' આજે પણ થાય જ છે ને? કેમ કાળી મેંશને બદલે, કંકુ કે ચંદનનું ટપકું કરવામાં આવતું નથી? મતલબ કે, રૂપના રક્ષણ માટે પણ કાળા ટપકાનો સહારો લેવો પડે. બધા જ રંગો કાળા રંગમાં સમાઈ શકતા હોય તો આપણે પણ દિવાળી આવતી નથી. જેને કાળી ભેંસના દૂધની જ ચા ફાવતી હોય, એમની સવાર કાળી ભેંસના સફેદ દૂધથી જ શરૂ થાય! બાકી, ચા કાળી, કોફી કાળી, કપડાં કાળાં, ગોગલ્સ કાળા, પછી કાળા રંગની સૂગ શાની? કાળા ચોપડા, કાળું નાણું, કાળો ધંધો, કાળા બજાર, કાળો દિવસ ઘડવામાં કોઈ વાંધો નહીં. કાળા ચશ્માં પહેરીને 'હીરો' પણ બની જાય અને કાળાં કરતૂત કરે એટલે પછી પોલીસ એને 'હીરો' બનાવી દે! કાળી શાહીથી લખેલો નાનો હસ્તાક્ષર આખા કરારને મજબૂત કરે, એ કાળા રંગની તાકાત છે. કર્મના સિદ્ધાંત પ્રમાણે ક્યારેક માણસનું મોઢું કાળું થાય, પરીક્ષામાં નાપાસ થાય તો પિતાજીનું મોઢું કાળું થાય, ક્રિકેટમાં પપેટો લાવે તો ચાહકોનું મોઢું કાળું થાય, રસોડામાં રસોઈ બળી જાય તો ગૃહલક્ષ્મીનું મોઢું કાળું થાય. ત્યારે એ વિચારવાનું કે, પરોપજીવી કુકરનું મોઢું તો પહેલેથી જ કાળું હોય છે. જગતને તો ટેવ છે કે, કાળું કંઈ પણ થાય તો દોષ આપી દેવાનો, પણ જવાબદારી નહીં ઉપાડે. બાકી, કાળાં કરતૂત કરવામાં જો 'કાળા-પાણી'ની સજા થાય તો એ પોતાની પ્રોડક્ટ છે.

દુનિયામાં પાપ-અધર્મ અને રાક્ષસો વધી ગયા, ત્યારે મહાકાળી માતાએ પણ એમના નરમ અને માયાળુ વલણને કોરાણે મૂકી, રૌદ્ર રૂપ ધારણ કરેલું અને અસુરોનો વધ કરેલો. એમ કાળો રંગ એ શક્તિ, તાકાત અને રક્ષણનું પ્રતીક પણ છે. એટલે તો કાળી ચૌદશને પણ માતાનો તહેવાર માની ઉજવીએ. વિરોધીઓને વિરોધ કરવાની મસ્તી ચઢે ત્યારે વાવટાનો રંગ પણ કાળો જ હોય છે. અલમારીમાં કાળા રંગનાં કપડાં ભલે શાંતિથી સમાધિમાં લાંબા સમયથી પડયાં હોય, પણ પ્રસંગ આવે ત્યારે એની પણ કદર કરવી પડે. પછી ભલે એને ગંદો કહો તો ગંદો, ને સ્ટાઈલીશ કહો તો સ્ટાઈલીશ, પણ કાળા રંગની એ પોતીકી ખૂબી છે. કાળી ટી-શર્ટ પહેરો તો ફેશન, કાળી ચા પીઓ તો સ્વાસ્થ્ય અને કાળું મોઢું થાય તો આફત! એ એમનું પોતીકું સમાજશાસ્ત્ર છે.

આદિ કવિ નરસિંહ મહેતા કહે એમ, 'દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે. અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે!' એવું કાળા રંગનું! બાહ્ય સ્વરૂપ સાથે સૂગ રાખો ત્યારે, ગુણવત્તા પણ જોવાની. નામ ભલે ધનપાલ હોય, પણ પૈસે ટકે ઠનઠનપાલ પણ હોય, નામ ભલે સુનયના હોય, પણ ત્રાંસું જુએ નહીં, ત્યાં સુધી સીધું દેખાતું પણ ના હોય! માટે નામ, રૂપ કે રંગ ઉપરથી કિંમત અંકાય નહીં. પુસ્તકનું કવર રૂપાળું જોઈને અંજાવું નહીં. કવર જોઈને વાર્તાનું મૂલ્યાંકન નહીં કરાય. AIના જમાનામાં સંભવ છે કે, સરસ તો ઘણું લાગે, પણ તેનાથી ગુણવત્તાના આંક ઊંચા જતા નથી. ધારેલો અભિપ્રાય ઉતાવળિયો પણ નીવડે. માટે દિવાળીને પામવી હોય તો, કાળી ચૌદશને પણ સ્વીકારવી પડે! કાળી ચૌદશ વગર દિવાળી આવતી નથી.

લાસ્ટ ધ બોલ

લોક સાહિત્યમાં એક વાત લખી છે,

ચલત ગ્રામ મહિષા વૃષભ,
ચરતે અશુભ બખાની
બૈઠે ચલતે જા દિન મિલે, તા
દિન કરો પયાનિ
એના કપાળમાં કાંદા ફોડું!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

ભેંસ કાળી હોવા છતાં સફેદ દૂધ આપે જ છે ને? ભેંસનું જો ફેસિયલ કરવામાં આવે તો એ ગોરી થાય ખરી? સોના/ચાંદીની થાળીમાં પીરસાયેલું ભોજન સ્વાદિષ્ટ જ હોય એની કોઈ ખાતરી નહીં

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ડીપફેકના યુગમાં સાચું શું અને ખોટું શું?

આજના ડિજિટલ યુગમાં ટેક્નોલોજી જેટલી ઝડપથી આગળ વધી રહી છે, એટલી જ ઝડપથી તેના દુરુપયોગના કિસ્સાઓ પણ વધી રહ્યા છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ની મદદથી કોઈ પણ વ્યક્તિનો ચહેરો, અવાજ અને હાવભાવ બદલીને નકલી વીડિયો કે ઑડિયો તૈયાર કરી શકાય છે. આ ટેક્નોલોજીને દીપફેક કહેવામાં આવે છે. હવે આંખે જોયેલી અને કાને સાંભળેલી દરેક વાત સાચી જ હોય એવું માની શકાય તેમ નથી. સોશિયલ મીડિયા પર આવા નકલી વીડિયો ઝડપથી વાઇરલ થાય છે. કોઈની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા, ખોટી માહિતી ફેલાવવા કે લોકોને છેતરવા માટે તેનો ઉપયોગ થાય છે. ખાસ કરીને સામાન્ય નાગરિકો આવા વીડિયો સાચા માનીને બીજાને મોકલી દે છે, જેના કારણે અફવાઓ ફેલાય છે અને નિર્દોષ વ્યક્તિઓ મુશ્કેલીમાં મુકાય છે. ટેક્નોલોજીનો વિકાસ રોકી શકાય તેમ નથી, પરંતુ તેનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો જરૂરી છે. કોઈ પણ વીડિયો કે સમાચારની સત્યતા તપાસ્યા વગર તેને ફોરવર્ડ ન કરવા જોઈએ. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને સરકારની પણ જવાબદારી છે કે આવા દુરુપયોગ સામે કડક પગલાં લે. આજે સૌથી મોટો સવાલ એ છે કે જ્યારે નકલી અવાજ અને વીડિયો પણ સાચા લાગે ત્યારે સામાન્ય માણસ સત્યની ઓળખ કેવી રીતે કરશે? વાંચીને નહીં, ચકાસીને વિશ્વાસ કરવાનો સમય આવી ગયો છે.

સુરત - પૂનમ સોની

વાહન વધ્યાં, પણ રસ્તા પર ધીરજ ઘટી!

આજના સમયમાં વાહનોની સંખ્યા ઝડપથી વધી રહી છે, પરંતુ તેની સાથે રસ્તા પર ચાલવાની ધીરજ અને શિસ્ત ઘટતી જાય છે. ટ્રાફિક સિગ્નલ પર થોડી વાર ઊભા રહેવું પણ લોકોને મુશ્કેલ લાગે છે. સિગ્નલ લીલું થાય એ પહેલાં જ હોર્ન વગાડવાનું શરૂ થઈ જાય છે. રસ્તા પર જગ્યા ન મળે તો ખોટી દિશામાં વાહન હંકારવું, ઓવરટેક કરવું અને બીજાને રસ્તો ન આપવો જાણે સામાન્ય બાબત બની ગઈ છે.

સૌથી નવાઈની વાત એ છે કે દરેકને ઉતાવળ છે, પરંતુ પોતાની ઉતાવળમાં બીજાના જીવનું જોખમ ઊભું થાય છે તેનો વિચાર કોઈ કરતું નથી. હોર્નના સતત અવાજથી વાહનચાલકો, રાહદારીઓ અને આસપાસના રહેવાસીઓ પણ પરેશાન થાય છે. થોડી મિનિટ બચાવવા માટે કરવામાં આવતી ઉતાવળ ક્યારેક જીવલેણ અકસ્માતનું કારણ બની શકે છે.

ટ્રાફિકના નિયમો માત્ર દંડથી બચવા માટે નહીં, પરંતુ પોતાની અને બીજાની સુરક્ષા માટે બનાવવામાં આવ્યા છે. રસ્તા પર ધીરજ, શિસ્ત અને પરસ્પર સમજણ રાખવી દરેક નાગરિકની જવાબદારી છે. સવાલ એ છે કે આપણે રસ્તા પર વાહન ચલાવીએ છીએ કે ઉતાવળ અને અહંકારની સ્પર્ધા કરીએ છીએ? થોડી ધીરજ રાખીએ તો અનેક અકસ્માતો અટકી શકે છે.

સુરત - કૃતિ પંડ્યા

તહેવારની ખુશી ક્યાં ખોવાઈ?

દિવાળી એટલે આનંદ, ઉત્સાહ, પરિવારનું મિલન અને ખુશીઓ વહેંચવાનો તહેવાર. એક સમય હતો જ્યારે લોકો સાદાઈથી દિવાળી ઉજવતા, ઘરમાં રંગોળી કરતા, દીવા પ્રગટાવતા અને પરિવાર સાથે મીઠાઈ વહેંચીને ખુશી અનુભવતા. આજે સમય બદલાયો છે અને તહેવારોની ઉજવણીમાં દેખાડાનું પ્રમાણ વધતું જાય છે.

દિવાળીની ખરીદી હોય, ઘરની સજાવટ હોય કે મીઠાઈની આપ-લે, દરેક બાબતમાં બીજાથી ચડિયાતું કરવાની હોડ જોવા મળે છે. મોંઘાં કપડાં, આકર્ષક લાઇટિંગ, મોંઘી ભેટો અને સોશિયલ મીડિયા પર ફોટા મૂકવાની ઉતાવળમાં તહેવારનો સાચો આનંદ ક્યાંક પાછળ રહી જાય છે. ઘણા લોકો આવક કરતાં વધુ ખર્ચ માત્ર દેખાદેખીમાં કરે છે. તહેવારનો હેતુ ખુશી વહેંચવાનો છે, આર્થિક બોજ વધારવાનો નહીં. સાદાઈથી ઉજવેલી દિવાળી પણ એટલી જ સુંદર બની શકે છે. જરૂર છે કે આપણે દેખાડા કરતાં લાગણીને અને ખર્ચ કરતાં સંબંધોને મહત્ત્વ આપીએ. આખરે સવાલ એ છે કે દિવાળી દીવાઓથી ઝગમગવી જોઈએ કે મોંઘા દેખાડાથી? સાચી દિવાળી તો મનમાં આનંદનો દીપ પ્રગટે ત્યારે જ ઉજવાય છે.

સુરત -દેવેન્દ્ર પરમાર

ફૂડ ડિલિવરીની લત!

આજના ઝડપી જીવનમાં ફૂડ ડિલિવરીની સુવિધા લોકો માટે આશીર્વાદ સમાન બની છે. મોબાઇલમાં એક ક્લિક કરતાં જ મનપસંદ ભોજન ઘરે આવી જાય છે. રસોઈ બનાવવાની ઝંઝટ નહીં કે બહાર જવાની જરૂર નહીં. ખાસ કરીને યુવાનો અને નોકરીયાત વર્ગમાં આ સુવિધાનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. પરંતુ સુવિધા ધીમે ધીમે આદત અને લતમાં ફેરવાઈ રહી છે તે ચિંતાનો વિષય છે. ઘરમાં રસોડું હોવા છતાં રોજ બહારનું ખાવાનું મંગાવવાની ટેવ વધી રહી છે. પિઝા, બર્ગર, પાંઉભાજી અને અન્ય ફાસ્ટ ફૂડના સ્વાદમાં લોકો ઘરનું સાદું અને પૌષ્ટિક ભોજન ભૂલી રહ્યા છે.

આ ઉપરાંત વારંવાર બહારનું ખાવાથી ખિસ્સા પર પણ બોજ વધે છે. ડિસ્કાઉન્ટ અને ઓફરની લાલચમાં બિનજરૂરી ઓર્ડર કરવાની ટેવ પણ વધી રહી છે. ફૂડ ડિલિવરીની સુવિધા ખોટી નથી, પરંતુ તેનો સમજદારીપૂર્વક ઉપયોગ થવો જોઈએ. સ્વાદ અને સગવડ માટે સ્વાસ્થ્ય સાથે સમાધાન કરવું કેટલું યોગ્ય છે? ટેક્નોલોજીએ ભોજન પહોંચાડવાનું સરળ બનાવ્યું છે, પરંતુ સ્વાસ્થ્યની જવાબદારી તો આપણી જ છે.

વલસાડ - વિશાલ ત્રિવેદી

ફોલોઅર્સની દોડમાં યુવાનો!

આજના સોશિયલ મીડિયાના યુગમાં દરેક વ્યક્તિને લોકપ્રિય થવાની જાણે ઘેલછા લાગી છે. ઇન્સ્ટાગ્રામ પર રીલ્સ બનાવવી, ફોલોઅર્સ વધારવા અને લાઇક્સ મેળવવા માટે યુવાનો કલાકો ખર્ચી રહ્યા છે. કોઈ અજીબ હરકતો કરીને તો કોઈ જોખમી સ્ટંટ કરીને રાતોરાત ફેમસ થવા માગે છે. જાણે લોકપ્રિયતા જ સફળતાનું માપદંડ બની ગઈ હોય!

પરંતુ સવાલ એ છે કે માત્ર થોડા સમયની પ્રસિ